દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર
ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ
શનિવાર ૧૦ જાન્યુઆરી, ૨૦૨૬

# ઈરાનમાં ચાલી રહેલું ગૃહયુદ્ધ તાનાશાહથી મુક્ત કરાવશે કે કેમ?

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પએ વેનેઝુએલાની જેમ ઈરાન પર પણ હુમલો કરવાની વાત કરી જ હતી, પરંતુ ટ્રમ્પ હુમલો કરે તે પહેલા જ ઈરાનમાં મોટાપાયે ગૃહયુદ્ધ શરૂ થઈ ગયું છે. ઈરાનમાં મોંઘવારીના વિરોધમાં 100 શહેરોમાં હિંસક પ્રદર્શનો થઈ રહ્યા છે. પોલીસકર્મી સહિત 45નાં મોત થઈ ગયા છે. ઈરાને આપેલી ધમકી બાદ એરપોર્ટ, ઈન્ટરનેટ અને ફોન સેવા ઈરાનમાં બંધ થઈ ગઈ જ છે. છેલ્લા 13 દિવસથી આ ગૃહયુદ્ધ ચાલી રહ્યું છે. પ્રદર્શનકારીઓએ રસ્તાઓ બ્લોક કર્યા, આગ લગાડી. લોકોએ 'ખામેનેઈને મોત' અને 'ઇસ્લામિક રિપબ્લિકનો અંત થયો' જેવા નારા લગાવ્યા. કેટલીક જગ્યાએ પ્રદર્શનકારીઓ ક્રાઉન પ્રિન્સ રેઝા પહેલવીના સમર્થનમાં રહ્યા. તેઓ 'આ છેલ્લી લડાઈ છે, શાહ પહેલવી પાછા ફરશે'ના નારા લગાવી રહ્યા હતા. અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાની લોકોનું સમર્થન કરતા કહ્યું કે જો તેમના અવાજને દબાવવાનો પ્રયાસ કરવામાં આવશે તો અમે છોડીશું નહીં. ટ્રમ્પની ધમકીને પગલે સેનાને એલર્ટ પર રાખવામાં આવી છે.

ઈરાનમાં થઈ રહેલા ગૃહયુદ્ધમાં મોંઘવારી અને બેરોજગારી ઘટાડવામાં સરકાર નિષ્ફળ રહી હોવાના કારણો જવાબદાર છે. ડિસેમ્બર 2025માં ઈરાની મુદ્રા રિયાલ ઘટીને લગભગ 1.45 મિલિયન પ્રતિ અમેરિકી ડોલર સુધી પહોંચી ગઈ, જે અત્યાર સુધીનું સૌથી નીચું સ્તર છે.મોંઘવારીને કાબુમાં લેવા માટે અને મદદ કરવા માટે અગાઉ વચનો અપાયા હતા પરંતુ એક વર્ષ પછી પણ મોંઘવારી કે બેરોજગારી ઘટી નથી અને તેને કારણે ઈરાનના GenZ આક્રોશમાં છે. લોકો ઈસ્લામિક રિપબ્લિકને સુધારવાનું નહીં પરંતુ તેને ખતમ કરવાના નારા લગાડી રહ્યા છે. લોકો ડર્યા વગર પ્રદર્શન કરી રહ્યા છે અને તેને કારણે સ્થિતિ અઘરી બની રહી છે. નિષ્ણાતો કહે છે કે સરકાર પાસે હવે માત્ર તાકાતનો ઉપયોગ કરવાનો રસ્તો બચ્યો છે, કારણ કે લોકો સુધારા અને વચનો પર વિશ્વાસ ગુમાવી ચૂક્યા છે. ઈરાનમાં મોંઘવારી હાવી થઈ જવા પામી છે. વર્ષની શરૂઆતમાં જ રિયાલની કિંમત અડધી થઈ ગઈ હતી. ખાદ્ય પદાર્થોની કિંમતોમાં 72% અને દવાઓની કિંમતોમાં 50% સુધીનો વધારો નોંધાયો છે. આ ઉપરાંત સરકાર દ્વારા 2026ના બજેટમાં 62% ટેક્સ વધારવાના પ્રસ્તાવથી સામાન્ય લોકોમાં ભારે નારાજગી ફેલાઈ ગઈ છે.

આ કારણે જ ઈરાનમાં હજારોની સંખ્યામાં પ્રદર્શનકારીઓ દ્વારા વિરોધ કરવામાં આવી રહ્યો છે. પ્રદર્શનકારીઓએ સડકો પર ઉતરી આવી ઈરાનનો રાષ્ટ્રધ્વજ પણ ફાડી નાખ્યો છે. રસ્તા જામ કરી દીધી છે. વૃદ્ધ મહિલાઓ પણ શાસનને પડકારી રહી છે. વિરોધ પ્રદર્શનો દરમિયાન તેહરાન અને ઈરાનના અન્ય ઘણા ભાગોમાં ડિજિટલ બ્લેકઆઉટ થયું અને ઇન્ટરનેટ કનેક્ટિવિટી ઠપ થઈ ગઈ છે.

દેશનિકાલ કરાયેલા રાજકુમાર રેઝા પહેલવીએ લોકોને રસ્તાઓ પર ઉતરવા અપીલ કરી હોવાથી મામલો બગડી ગયો છે. તેહરાનમાં બજારો બંધ રહ્યા, વિદ્યાર્થીઓએ યુનિવર્સિટી કેમ્પસ પર કબજો કર્યો. આના તરત જ પછી સરકારે સમગ્ર દેશમાં ઇન્ટરનેટ અને ફોન લાઇન કાપી નાખી, જેને ઇન્ટરનેટ વોચડોગ નેટબ્લોક્સે હિંસક દમનની તૈયારી ગણાવી. તેમ છતાં કેટલાક લોકો સ્ટારલિંક જેવી પદ્ધતિઓથી વીડિયો પોસ્ટ કરી રહ્યા છે.

ઈરાનમાં 1979ની ઇસ્લામિક ક્રાંતિ પછી આયાતુલ્લાહ રૂહોલ્લાહ ખોમેની સત્તામાં આવ્યા. તેઓ 1979 થી 1989 સુધી 10 વર્ષ સુપ્રીમ લીડર રહ્યા હતા. તેમના પછી સુપ્રીમ લીડર બન્યા આયાતુલ્લા અલી ખામેનેઇ 1989 થી અત્યાર સુધી 37 વર્ષથી સત્તામાં છે. પરંતુ હવે તેમની સામે બળવો થઈ રહ્યો છે અને ક્રાઉન પ્રિન્સને સત્તા સોંપવાની માંગ કરવામાં આવી રહી છે. જોકે, બીજી તરફ એવું પણ અનુમાન કરવામાં આવી રહ્યું છે કે, ઈરાનમાં થઈ રહેલા વિરોધ પ્રદર્શનની પાછળ અમેરિકા છે. જોકે, ઈરાનમાં જે રીતે બંધનો લગાડવામાં આવ્યા હતા તે બંધનો હવે ગૃહયુદ્ધને કારણે સરકાર બદલાઈ તો દૂર થઈ શકે તેમ છે. આગામી દિવસોમાં ઈરાની સરકાર પ્રદર્શનકારીઓ પર બળપ્રયોગ કરે તેવી સંભાવના છે. આ બળ પ્રયોગ હવે ઈરાનને ખામેનેઈના શાસનથી મુક્ત કરાવે છે કે પછી સત્તા પ્રદર્શનકારીઓ પર હાવી થાય છે તે જોવું રહ્યું!

# મહારાષ્ટ્રમાં ભાજપનું કોંગ્રેસ અને ઓવૈસી સાથે ગઠબંધન!

મુંબઈ મહાપાલિકાની ચૂંટણી થવામાં જ છે અને એ પહેલાં મહારાષ્ટ્રમાં સ્થાનિક ચૂંટણીઓમાં જે બન્યું છે એ ભાજપને ખટકે એવું છે અને વિપક્ષોને મુદ્દો મળે એવું બન્યું છે. કેટલીક પાલિકાઓમાં કે પંચાયતોમાં ભાજપને બેઠકો ઓછી મળી ત્યાં સત્તા મેળવવા માટે ભાજપે કોંગ્રેસ જ નહીં ઓવૈસીના પક્ષ સાથે ગઠબંધન કર્યું છે. કદાચ ભાજપના ઈતિહાસમાં આવું પહેલી વાર બન્યું છે. કેટલાક દાખલા જોઈ જવા જેવા છે.

થાણેની અંબરનાથ નગર પરિષદમાં સત્તા મેળવવા માટે ભાજપે કોંગ્રેસ અને અજીત પવારની એનસીપી સાથે મળીને 'અંબરનાથ વિકાસ આઘાડી' બનાવી છે અને એનો હેતુ શું છે? આ ગઠબંધનનો મુખ્ય ઉદ્દેશ મુખ્યમંત્રી એકનાથ શિંદેની શિવસેનાને સત્તાથી દૂર રાખવાનો હતો, જે ત્યાં સૌથી મોટો પક્ષ બન્યો છે. ભાજપે હજુ આ મુદ્દે કોઈ પગલાં લીધાં નથી પણ કોંગ્રેસે શિસ્તભંગ બદલ તેના તમામ 12 નગરસેવકોને સસ્પેન્ડ કરી દીધા છે.

બીજો કિસ્સો છે અકોલા જિલ્લાની અકોટ નગર પરિષદનો. ત્યાં તો ભાજપે હદ કરી નાખી છે. ભાજપે ઓવૈસીની પાર્ટી AIMIM ના નગરસેવકો સાથે મળીને 'અકોટ વિકાસ મંચ' બનાવ્યું છે. જે પક્ષો એકબીજાની વિચારધારાના કટ્ટર વિરોધી છે, તેમનું આ જોડાણ જોઈને રાજકીય વર્તુળોમાં ભારે ચર્ચા જાગી છે અને ઘણાં લોકો ઓવૈસીને ભાજપની ટીમ બી ગણાવે છે. એમને માટે આ કિસ્સો મુદ્દો બની ગયો છે.

આ ઘટનાઓ સામે આવ્યા બાદ ભાજપે પ્રતિક્રિયા આપી છે. મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે કડક વલણ અપનાવ્યું છે. તેમણે જણાવ્યું છે કે ભાજપ ક્યારેય કોંગ્રેસ કે AIMIM સાથે ગઠબંધન કરી શકે નહીં. આ ગઠબંધન સ્થાનિક નેતાઓએ પક્ષની પરવાનગી વગર કર્યું હોવાથી તેને તાત્કાલિક તોડી નાખવાનો આદેશ આપ્યો છે. આવા જોડાણમાં સામેલ સ્થાનિક નેતાઓ સામે શિસ્તભંગનાં પગલાં લેવાની પણ જાહેરાત કરવામાં આવી છે અને વિરોધ પક્ષોને મુદ્દો મળી ગયો છે. ઉદ્ધવ ઠાકરેની શિવસેના આ મુદ્દે ભાજપ પર 'બેવડાં ધોરણો' રાખવાનો આક્ષેપ કરી રહી છે.

આ કિસ્સા પછી મહારાષ્ટ્રના રાજકારણમાં ખળભળાટ મચે એ સ્વાભાવિક છે કારણ કે, અત્યાર સુધી ભાજપ ઉદ્ધવ ઠાકરે અને કોંગ્રેસ પર એવા આક્ષેપો કરતું આવ્યું છે કે તેઓ સત્તા માટે પોતાની વિચારધારા છોડી રહ્યા છે. હવે, વિરોધ પક્ષો (મહાવિકાસ આઘાડી) ભાજપને એ જ ભાષામાં જવાબ આપી રહ્યા છે. ખાસ કરીને 'હિન્દુત્વ' અને 'તુષ્ટિકરણ' ના મુદ્દે ભાજપને ઘેરવાની તક વિરોધ પક્ષોને મળી ગઈ છે.

મહારાષ્ટ્રમાં અત્યારે ભાજપ, એકનાથ શિંદેની શિવસેના અને અજીત પવાર વચ્ચે 'મહાયુતિ' ગઠબંધન છે પણ એમની વચ્ચે અનબન ચાલતી આવે છે. શિંદે જૂથના મંત્રીઓ ઘણી વાર કેબીનેટ બેઠકમાં ગેરહાજર રહે છે. કેટલીક પાલિકામાં શરદ પવાર અને અજીત પવારે હાથ પણ મિલાવ્યા છે. અંબરનાથમાં ભાજપે મુખ્યમંત્રી શિંદેની શિવસેનાને હરાવવા કોંગ્રેસ સાથે હાથ મિલાવ્યા. આનાથી શિવસેના (શિંદે જૂથ) અને ભાજપ વચ્ચેના સંબંધોમાં ખટાશ આવી શકે છે. કાર્યકર્તાઓ માટે અનેક મુશ્કેલી વધી છે. ભાજપના કાર્યકરો જેઓ વર્ષોથી કોંગ્રેસ અને AIMIM ની વિચારધારા સામે લડ્યા છે. તેઓ આ ગઠબંધનથી નારાજ થઈ શકે છે અને એની અસર મુંબઈ મહાપાલિકાની ચૂંટણી પર થઈ શકે છે. જો ભાજપ આ ગઠબંધન તાત્કાલિક નહીં તોડે તો આગામી વિધાનસભા કે લોકસભાની ચૂંટણીમાં તેમને નુકસાન વેઠવું પડી શકે છે. તેથી જ દેવેન્દ્ર ફડણવીસે આ મામલે કડક વલણ અપનાવ્યું છે જેથી રાજ્ય સ્તરે પક્ષની છબીને નુકસાન ન થાય.

ભાજપ ઈતિહાસ ભૂલી જાય છે. આઝાદી પહેલાં ૧૯૪૧માં બંગાળમાં હિન્દુ મહાસભા (જેના નેતા શ્યામાપ્રસાદ મુખર્જી હતા) અને કૃષક પ્રજા પાર્ટી (જેના નેતા એ.કે. ફઝલુલ હક હતા) વચ્ચે જોડાણ થયું હતું. ફઝલુલ હકે મુસ્લિમ લીગ સાથે છેડો ફાડ્યા પછી 'પ્રોગ્રેસિવ કોએલિશન પાર્ટી' બનાવી હતી. આ ગઠબંધનને 'શ્યામા-હક મંત્રાલય' તરીકે ઓળખવામાં આવે છે, જેણે ડિસેમ્બર 1941થી માર્ચ 1943 સુધી બંગાળમાં શાસન કર્યું હતું. અલબત્ત તે સમયે બંગાળમાં મુસ્લિમ લીગનો પ્રભાવ વધી રહ્યો હતો. હિન્દુ મહાસભા અને ફઝલુલ હક બંને લીગની સાંપ્રદાયિક રાજનીતિને રોકવા માંગતા હતા. રાજકોટમાં એક નગરસેવકે પક્ષપલટો કર્યો ને ભાજપના ચીમનભાઈ શુક્લે ઉપવાસ કર્યા હતા અને ભાજપને સફળતા મળી હતી એ વાત હવે ભુલાઈ ગઈ હોય એમ લાગે છે. રાજકારણમાં એક જૂની કહેવત છે - ''રાજકારણમાં કોઈ કાયમી મિત્ર કે કાયમી શત્રુ હોતાં નથી, માત્ર કાયમી હિતો હોય છે.'' બંગાળનો ઈતિહાસ અને અત્યારનું મહારાષ્ટ્રનું રાજકારણ આ વાતની સાબિતી આપે છે.

## રાજ્યોની વણઝાર

કૌશિક મહેતા


### સોનમ વાંગચુક જેલ બહાર આવશે?

લદ્દાખનું આંદોલન યાદ છે, સોનમ વાંગચુક યાદ છે? સપ્ટેમ્બર 2025માં લદ્દાખમાં થયેલી હિંસક ઘટનાઓ બાદ સોનમ વાંગચુકની રાષ્ટ્રીય સુરક્ષા કાયદા હેઠળ ધરપકડ કરવામાં આવી હતી. હાલમાં તેઓ રાજસ્થાનની જોધપુર સેન્ટ્રલ જેલમાં બંધ છે. તેમની ધરપકડને 100 થી વધુ દિવસો વીતી ગયા છે. સોનમ વાંગચુકની ધરપકડને ગેરકાયદે ગણાવીને તેમનાં પત્ની ગીતાંજલિએ સુપ્રીમ કોર્ટમાં પડકારી છે. તેમના વકીલ કપિલ સિબ્બલે દલીલ કરી છે કે ધરપકડનાં કારણો જણાવવામાં વિલંબ થયો છે અને આ ધરપકડ બંધારણીય અધિકારોનું ઉલ્લંઘન છે અને સોનમ વાંગચુક અને લદ્દાખનાં લોકોની માગણી શું છે, લદ્દાખને પૂર્ણ રાજ્યનો દરજ્જો આપવો. બંધારણની છઠ્ઠી અનુસૂચિ હેઠળ લદ્દાખનો સમાવેશ કરવો, જેથી ત્યાંની જમીન અને સંસ્કૃતિનું રક્ષણ થઈ શકે. અલબત્ત, સપ્ટેમ્બર 2024 માં લેહમાં પ્રદર્શનો હિંસક બન્યાં હતાં, જેમાં ભાજપના કાર્યાલયને નુકસાન થયું હતું અને કથિત રીતે પોલીસ ફાયરિંગમાં ચાર લોકોનાં મોત થયાં હતાં.

સરકારે આ હિંસા માટે વાંગચુકને જવાબદાર ઠેરવ્યા છે, જ્યારે વાંગચુકે હિંસાની નિંદા કરી હતી. એટલે સોનમ વાંગચુકનો વાંક શું છે એવું એમના વકીલ પૂછે તો વાત વાજબી છે. હવે કોર્ટ શું ફેંસલો કરે છે એના પર મીટ છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

## પ્રભુ પર વિશ્વાસ



મંદિરમાં ભગવાનનાં દર્શન કરી લીધા પછી, મંદિરમાં બેસી બે/ચાર ભજન ગાઈ ...પછી ચાર પાંચ સન્નારીઓની ટોળી વાતોએ વળગતી.....વાતોનો મુખ્ય વિષય ઘરના અને ઘરનાં સભ્યોની ચિંતા જ રહેતી ...કોઈને દીકરાના લગ્ન ન થતાં હોય તેની ચિંતા ..તો કોઈને વહુ સારી નથી એટલે ઘર કેમ જાળવશે ની ચિંતા...કોઈને પતિના સ્વાસ્થ્યની ચિંતા ...તો કોઈના પોતાના દુખતા ઘુંટણની...કોઈને પૌત્રના દસમા ધોરણમાં પાસ થવાની...કોઈને પૌત્રીના લગ્નની...૬૦-૭૦ ની વચ્ચેના વય જૂથની આ સ્ત્રીઓની ચિંતાનો કોઈ પાર ન હતો અને વળી છેલ્લે વાતોનો સૂર એમ આવતો કે અમે નહિ હોઈએ ત્યારે મારા ઘર અને કુટુંબનું શું થશે તેની સૌથી વધારે ચિંતા અમને સતાવે છે.

લગભગ આ જ અને આવી જ વાતો કરતાં આ બહેનોની વાતોને રોજ દર્શન કરવા આવતાં કરિશ્માબહેન રોજ સાંભળતાં.તેઓ એક શાળામાં ટીચર હતાં.એક દિવસ કરિશ્માબહેને તેમની પાસે જઈને કહ્યું, "બહેનો,હું તમારી સાથે બેસી શકું ..તમારી વાતો રોજ મારા કાને પડે છે અને તમારી બધી વાતોનો મુખ્ય વિષય હોય છે કોઈને કોઈ વાતની ચિંતા....ખરું ને..બધે હકારમાં માથું ધુણાવ્યું અને બોલ્યાં ચિંતા ન કરીએ તો શું કરીએ?

કરિશ્માબહેને કહ્યું, "હું તમને એક વાત પૂછું?...તમે અહીં મંદિરે રિક્ષામાં કે ટેક્સીમાં આવતાં હશો ..કોઈ બસમાં પણ આવતાં હશો શું તમે બધા તે રીક્ષા,ટેક્સી કે બસના ડ્રાઈવરને જાણો છો ...શું તમને ખબર છે કે તે બરાબર રીક્ષા,ટેક્સી કે બસ ચલાવતા જાણે છે કે નહિ ....પણ તમે કોઈ ચિંતા કર્યા વિના નિરાંતે તેની પર વિશ્વાસ મૂકી બેસી જાવ છો ....તમે ટ્રેનમાં બેસી બહારગામ ફરવા કે યાત્રાએ જાવ છો ત્યારે શું તમે ટ્રેન ચલાવનાર મોટરમેનને ઓળખો છો .....ના ...છતાં નિરાંતે ટ્રેનમાં બેસી જાવ છો... બરાબર ને."એક બહેન વચ્ચે બોલ્યાં, "હા,એમાં શું? તમે કહેવા શું માંગો છો?"

ચાર્જિંગ પોઈન્ટ

હેતા ભૂષણ

કરિશ્માબહેને કહ્યું, "તમે અહીં મંદિરે શું કામ આવો છો?" એક બહેન બોલ્યાં, "ભગવાનનાં દર્શન કરવા..."કરિશ્માબહેન બોલ્યાં, "ભગવાનનાં દર્શન કરો છો પણ ભરોસો કરતાં નથી...આપણને બધાને પ્રભુએ બનાવ્યા છે તે આપણા સૌના જીવનના તારણહાર છે .... સારથિ છે ...ભજન ગાવ છો -'મારી નાવ તમારે હાથ'તો પછી સાચે વિશ્વાસ રાખો પ્રભુ પર ...સોંપી દો બધું ઈશ્વરને ..તેના હાથમાં .....તો પછી જીવનમાં ચિંતા કરવાની જરૂર નહિ રહે.જીવનનો સાચો આનંદ મળશે. સંભાળનાર દરેકની આંખો ખુલી ગઈ.

# વૈષ્ણોદેવી મેડિકલ કોલેજમાં ઉમેદવારોની પસંદગી અંગેનો વિવાદ

માતા વૈષ્ણોદેવી (કટરા)ના પવિત્ર મંદિરની તળેટીમાં સ્થિત શ્રી માતા વૈષ્ણોદેવી ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ એક્સેલન્સ (SMVDIMI) એક એવા વિવાદમાં ફસાઈ ગયું છે જે ટાળી શકાય તેવું લાગતું હતું. માત્ર છ મહિના જૂની મેડિકલ કોલેજને અચાનક પૂર્વ રાજ્યમાં સાંપ્રદાયિક ધ્રુવીકરણનું સાધન બનાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે, જે 5 ઓગસ્ટ, 2019 ના બંધારણીય ફેરફારોના પરિણામ સાથે સમાધાન કરવા માટે બધી રીતે સંઘર્ષ કરી રહી છે, જે મોટા ભાગે જમ્મુ અને કાશ્મીર અથવા લદ્દાખના કેન્દ્રશાસિત પ્રદેશ માટે સારા સંકેત નથી, જેમ કે તે પછીના ઘટનાક્રમ દ્વારા પ્રતિબિંબિત થાય છે.

એવું ભાગ્યે જ બને છે કે ઉમેદવારોની પસંદગી અંગેનો વિવાદ, આ કિસ્સામાં કેન્દ્રીય એજન્સી દ્વારા અખિલ ભારતીય ધોરણે કરવામાં આવે છે, તે યોગ્યતા અથવા અન્ય કોઈ આધારને બદલે સાંપ્રદાયિક વિવાદથી ઉદ્ભવે છે. નીટ પરીક્ષાના આધારે પસંદ કરાયેલાં 50 ઉમેદવારોમાંથી 42 મુસ્લિમ, એક શીખ અને સાત હિન્દુ છે. આ માટેનો આધાર બની ગયો છે. આરએસએસ-બીજેપી ગઠબંધન સાથે સંકળાયેલાં નાનાં જૂથો રસ્તા પર ઊતરી આવ્યાં છે. તેમણે પ્રશ્ન કર્યો હતો કે માતા વૈષ્ણોદેવી મંદિરમાં ચઢાવેલા દાનથી ભંડોળ મેળવતી સંસ્થામાં બહુમતી મુસ્લિમ ઉમેદવારો કેવી રીતે છે.

એ વાતને કોઈ નકારી શકે નહીં કે જમ્મુ અને કાશ્મીરની વસ્તીમાં સાંપ્રદાયિક વિભાજન ઊંડે સુધી ફેલાયેલું છે અને દરેક ચૂંટણી મોસમમાં અથવા જ્યારે પણ રાજકીય નેતાઓ અસુરક્ષિત અનુભવે છે ત્યારે તે ઊંડું થતું જાય છે. છેલ્લા એક દાયકાથી વધુ સમય દરમિયાન આ મોરચે પરિસ્થિતિ વધુ ઘેરી બની છે અને એમ કહેવું ખોટું નહીં હોય કે, SMVDIMIઈ વિવાદ તેનું નવું સ્વરૂપ છે.

હિન્દુત્વ-કેન્દ્રિત સંગઠનોનો વિરોધ અને આજ્ઞાકારી કેન્દ્ર દ્વારા 'ઝડપી' કાર્યવાહી કરતા રાષ્ટ્રીય તબીબી આયોગ (એનએમસી) પર દબાણ લાવ્યા બાદ ઘટનાઓમાં તેજીથી બદલાવ આવ્યો. જેણે સમય ગુમાવ્યા વગર પોતાનો લેટર ઓફ પરમિશન (એલઓપી) પાછો ખેંચી લીધો. જે તેમણે ઓગસ્ટ-સપ્ટેમ્બરમાં 2025-26 સત્ર માટે એમબીબીએસ કોર્સ ચલાવવા માટે SMVDIMIઈને આપવામાં આવ્યો હતો. તે બધું વ્યવસ્થિત રીતે શોધીને કરવામાં આવ્યું હશે. આવા કિસ્સાઓમાં સામાન્ય પ્રથા એ છે કે ભૂલ કરનાર મેડિકલ કોલેજને કોઈ પણ કડક પગલાં લેતાં પહેલાં સુનાવણી અને ખામીઓ દૂર કરવા માટે સમય આપવામાં આવે છે. શું SMVDIMIઈને આવી તક આપવામાં આવી હતી?

એવું લાગે છે કે તે કરવામાં આવ્યું ન હતું. એ બીજી વાત છે કે એનએમસીએ પસંદ કરાયેલાં ઉમેદવારોનાં હિતોનું રક્ષણ યુટી સરકારને અન્ય મેડિકલ કોલેજોમાં સમાયોજિત કરવાનો નિર્દેશ આપીને કર્યું છે. તે કટરા મેડિકલ કોલેજના અનિશ્ચિત ભવિષ્યનો પણ સંકેત છે, જે આવા કિસ્સામાં જમ્મુ પ્રદેશ માટે ગુમાવેલી તક હશે.

આ 'ફિયાસ્કો' અથવા 'હિન્દુત્વ વિરોધી' પગલાં માટે કોને દોષ આપવો? હાલના સેટઅપ હેઠળ આ પ્રશ્ન અત્યંત મહત્ત્વપૂર્ણ બની જાય છે. કારણ કે, નરેન્દ્ર મોદી સરકાર, જેમ કે છેલ્લા દાયકા દરમિયાન જોવા મળ્યું છે, તે વિરોધ પક્ષો અથવા તેમની શાસિત રાજ્ય સરકારો અથવા તેમના વિરોધીઓ પર દોષારોપણ કરવામાં માસ્ટર છે.

શ્રી માતા વૈષ્ણોદેવી શ્રાઈન બોર્ડના અધ્યક્ષ લેફ્ટનન્ટ ગવર્નર મનોજ સિન્હા છે જેમની દેખરેખ હેઠળ બોર્ડ એક મલ્ટી-સ્પેશિયાલિટી હોસ્પિટલ સ્થાપવા સહિત વિવિધ પ્રવૃત્તિઓ કરે છે જેમાં નવી મેડિકલ કોલેજ જોડાયેલ છે. તેમણે કેન્દ્રીય આરોગ્ય મંત્રાલય પાસેથી ઝડપી મંજૂરી મેળવવામાં મુખ્ય ભૂમિકા ભજવી હશે જેની સાથે એનએમસી જોડાયેલ છે. તે પ્રશંસનીય છે અને કોઈ સમસ્યા નથી.

શું બોર્ડે એવી પરિસ્થિતિની કલ્પના કરી હતી કે જ્યાં મુસ્લિમ બહુમતી ધરાવતા કેન્દ્રશાસિત પ્રદેશમાં આવું કોઈ પણ સમયે થઈ શકે? દેખીતી રીતે, એવું કરવામાં આવ્યું ન હતું. શું તે કોઈ ભૂલ હતી કે કોઈ છટકબારી હતી જેને બીજા કોઈ દિવસે ઠીક કરવા માટે રાખવામાં આવી હતી?

શું કેન્દ્રીય આરોગ્ય પ્રધાન, જે હજુ પણ ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ છે, જે.પી. નડ્ડા, SMVDIMIની સ્થાપનામાં થઈ રહેલા ઘટનાક્રમોથી અજાણ હતા? તેમના હસ્તક્ષેપ વિના એનએમસી ઝડપી કાર્યવાહી કરી શક્યું ન હોત, જેથી જમ્મુ અને કાશ્મીરમાં ભાજપ સેટઅપ અને તેના પૂરા હિન્દુત્વ એજન્ડાને બચાવી શકાય. ગયા વર્ષની વિધાનસભા ચૂંટણી દરમિયાન જમ્મુ ક્ષેત્રના સમગ્ર હિન્દુ પ્રભુત્વ ધરાવતા પટ્ટામાં 30માંથી 29 બેઠકો જીતીને બીજેપીએ ક્લીન સ્વીપ કર્યું હતું અને પંચાયતથી લોકસભા સુધી અડધા ડઝનથી વધુ વખત મતદાન કર્યા હોવા છતાં, 2014થી આ પ્રદેશ ખૂબ જ ખરાબ હાલતમાં છે.

આ સંકટમાંથી બહાર નીકળવાનો એક રસ્તો, જેમ કે, કેટલાક નિષ્ણાતો અને જમણેરી વિચારધારકો દ્વારા સૂચવવામાં આવ્યું છે, SMVDIMIને લઘુમતી-સંસ્થાનો દરજ્જો આપવાનો છે, જે હિન્દુ સમુદાય માટે બેઠકો અનામત રાખવાની મંજૂરી આપશે. જો કેન્દ્ર તેમ કરવા માટે સંમત થાય છે તો તે અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટી અને દિલ્હીની સેન્ટ સ્ટીફન કોલેજના મામલે પોતાના વલણને કેવી રીતે ન્યાયી ઠેરવશે, જેમાં લઘુમતી મુસ્લિમ અને ખ્રિસ્તી પાત્રો છે અને ભાજપ સરકારે તેમાં ફેરફાર કરવાની કોશિશ કરી છે.

જમ્મુ અને કાશ્મીર શ્રી માતા વૈષ્ણોદેવી શ્રાઈન એક્ટ, 1988માં સુધારાની જરૂર છે, ખાસ કરીને એ સેક્શનમાં જે પ્રશાસન, શ્રાઈન બોર્ડ દ્વારા વિકસિત જમીન અને સંસ્થાઓના ઉપયોગ સાથે જોડાયેલ છે.

સૌથી વધુ રસપ્રદ વાત એ છે કે, યુટી વહીવટીતંત્રે એ હકીકતને અવગણી હતી કે જમ્મુમાં પહેલાંથી જ બે શૈક્ષણિક સંસ્થાઓ છે, જેને લઘુમતી દરજ્જો આપવામાં આવ્યો છે. ચંદર ચિનાર બડા અખાડા ઉદાસીન સોસાયટી દ્વારા સંચાલિત આચાર્ય ચંદર કોલેજ ઓફ મેડિકલ સાયન્સ (એએસસીઓએમએસ)ને હિન્દુ લઘુમતી દરજ્જો પ્રાપ્ત છે અને તે તેની 25 ટકા બેઠકો હિન્દુ વિદ્યાર્થીઓ માટે અનામત રાખે છે. મહંત બચીતર સિંહ કોલેજ ફોર એન્જિનિયરિંગ એન્ડ ટેકનોલોજી એક શીખ લઘુમતી સંસ્થા હોવાથી તેની ૫૦ ટકા બેઠકો શીખ વિદ્યાર્થીઓ માટે અનામત રાખે છે. મહત્ત્વનું છે કે, બંને કોલેજો નીટ/બીઓપીઈઈ પ્રવેશ પ્રક્રિયાઓનું પાલન કરે છે તેથી, આખરે, રાજકીય ફાયદાઓ બાકી બધા પર હાવી થઈ ગયા, જેના કારણે યુટીમાં સાંપ્રદાયિક ધ્રુવીકરણ અને તેની સાથે જોડાયેલ ઉગ્રતાનો ભય સતાવી રહ્યો છે. આવી પરિસ્થિતિને રોકવા માટે તાત્કાલિક ઉપચારાત્મક પગલાં લેવાં જોઈએ.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

## રાજધાનીના અંતરંગ

અનિલ આનંદ

**નીટ પરીક્ષાના આધારે પસંદ કરાયેલાં 50 ઉમેદવારોમાંથી 42 મુસ્લિમ, એક શીખ અને સાત હિન્દુ છે. આ માટેનો આધાર બની ગયો છે. આરએસએસ-બીજેપી ગઠબંધન સાથે સંકળાયેલાં નાનાં જૂથો રસ્તા પર ઊતરી આવ્યાં છે**

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

### સુરત શહેરનું વહીવટ દષ્ટિએ વિભાજન જરૂરી

સુરત શહેરની વસ્તી કૂદકેને ભૂસકે વધી રહી છે. સુરત શહેરમાં મૂળ સુરતીઓ લઘુમતીમાં છે અને દેશ, વિદેશના લોકો વસવાટ કરે છે. સુરતીઓની ઓળખ લુપ્ત થવાને આરે છે. સુરત શહેરની વસ્તી આશરે ૮૯લાખ જેટલી થઈ ગઈ છે. ત્યારે લોકોને સારી સુવિધાઓ પુરી પાડવા માટે વહીવટી દષ્ટિએ સુરતનું વિભાજન જરૂરી છે. વરાછા અને કતારગામનો વિસ્તાર એટલો વધી ગયો છે કે લોકોને સરકારી કામ માટે નાનપુરા વિસ્તારમાં આવવું પડે છે. તે જ પ્રમાણે ઉધના, લીંબાયત વિસ્તારના લોકોને નાનપુરા ખાતે આવવું પડે છે. જે આર્થિક દષ્ટિએ પરવડે તેમ નથી. વિધાનસભા બેઠકો વધારવામાં આવી છે. શહેરના હિતમાં ભવિષ્યની જરરિયાતોનો નજઅંદાજ કરી જરૂરી આયોજન કરવાની જરૂર છે એવું નથી લાગતુ? અમદાવાદ શહેરમાં પણ વહીવટી દષ્ટિએ જરૂરી સેવાઓ શહેરના અલગ અલગ વિસ્તારમાં શરૂ કરવામાં આવી છે. પાસપોર્ટ અને આરટીઓ કચેરી. શહેરનો વિકાસ થાય તેમ ગુનાખોરી, છેતરપિંડી, સાયબર ક્રાઈમમાં પણ વધારો જોવા મળે છે. જેથી તમામ પાસાનો તળપ્રશી અભ્યાસ કરી તાકીદે સુરતના વિભાજન માટે આયોજન કરવાની જરૂર છે એવુ નથી લાગતું?

સુરત - ચંદ્રકાંત રાણા

### વહેલું અને સહેલું...

આજના ઝડપી જમાનામાં લોકોને ઓછા સમયમાં મહેનત અને સંઘર્ષ કર્યા વગર જ ધનવાન બનવું છે. જે વહેલું અને સહેલું શોધતા હોય છે. અનેક અરમાનો, આકાંક્ષા, મહત્ત્વકાંક્ષા કે સપના જોતા હોય છે. પરંતુ આ બધી નિરર્થક વાત છે. કેમ કે, ભગવાન કાંઈ બધાને મફત આપવા નથી બેઠો, એટલે મહેનત અને સંઘર્ષ વિના શક્ય નથી. એટલે એક સ્લોગન જાણીતું છે. 'કઠોર પરિશ્રમનો કોઈ વિકલ્પ નથી' આથી મહેનત કરો, ભગવાન જરૂર તમારા ધંધા-રોજગારમાં સફળતા આપશે અને ધનની વૃદ્ધિ માટે જરૂર બરકત પૂરશે. એમાં નસીબ પણ મહત્ત્વનું પરિબળ મનાય છે. એક નાનો પ્રસંગ જણાવું છું. ભગવાન શિવ અને પાર્વતી એક ગરીબ માણસને મદદ કરવા માટે રસ્તામાં પૈસાની કોથળી ફેંકી ત્યારે ગરીબ માણસ જે ચાલતો જતો હતો. એને વિચાર આવ્યો આંધળા માણસો રોજ કેવી રીતે ચાલતા હશે? આથી તેણે આંખો મીચેને ચાલવાનો પ્રયાસ કર્યો. તેવામાં પૈસાની કોથળી પસાર થઈ ગઈ, આથી શિવ-પાર્વતીએ વિચાર્યું, આ માણસના નસીબમાં પૈસા નથી. આમ ગમે તે કરો પણ 'સમય સે પહેલે ઔર તકદીર સે જ્યાદા, કુછ મિલને વાલા નહીં હૈ!'

તરસાડા, માંડવી - પ્રવિણસિંહ મહિડા

### સ્માર્ટ સિટીના નળમાં શુદ્ધ પાણી માટે તડપતું ભારત

ભારતની "નંબર વન ક્લિન સિટી કહેવાતી ઇન્દોર આજે એક દુખદ હકીકત સામે ઉભી છે.ઝેરી પીવાના પાણીના કારણે 15 નિર્દોષ લોકોના મોત અને અંદાજે 3000 નાગરિકો હોસ્પિટલમાં દાખલ થવા પડ્યા છે. આ દુર્ઘટનાનું કારણ કોઈ કુદરતી આફત નહીં, પરંતુ પીવાના પાણીમાં ગટરનું ઝેરી પાણી મિક્સ થવું છે. સ્થાનિક નાગરિકો લાંબા સમયથી ફરિયાદો કરતા રહ્યા, પરંતુ દુર્ભાગ્યે કોઈ જવાબદાર કાર્યવાહી કરવામાં આવી નથી. જ્યારે પત્રકારોએ આ ગંભીર મુદ્દે પ્રશ્ન કર્યો ત્યારે એક નેતા તરફથી મળેલો જવાબ "આ ફાલતુ પ્રશ્ન છે!" "ઘંટા કર્યું?" આ શબ્દો માત્ર અશોભનીય નથી, પરંતુ જાહેર જીવનની જવાબદારીનું અપમાન છે. આ ઘટના માત્ર ઇન્દોર સુધી સીમિત નથી. ગુજરાતના ગાંધીનગરમાં પણ ટાઈફોઈડના દર્દીઓ હોસ્પિટલમાં દાખલ થયા છે. જ્યાં દેશનું "પોલિટિકલ હાર્ટ" વસે છે, ત્યાં પણ લોકો આજે સ્વચ્છ પાણી માટે સંઘર્ષ કરી રહ્યા છે. વિશ્વગુરુ બનવાની દોડમાં, સ્માર્ટ સિટી બનાવવાની જાહેરાતોમાં, લોકોને જીવતું રાખવા માટેનું પાણી જ ઉપલબ્ધ નથી – તો પછી આ વિકાસ કોના માટે? આ મુદ્દો રાજકીય ટિપ્પણીનો નહીં, પરંતુ માનવતા, જવાબદારી અને સંવિધાનિક ફરજનો છે. શું એક નાગરિક ને, શુદ્ધ પીવાનું પાણી, જવાબદાર વહીવટ, અને નેતાઓ પાસેથી જવાબદારીભર્યો વ્યવહાર જો આ પણ ન મળે, તો "વિશ્વગુરુ" માત્ર ભાષણોમાં રહેશે, અને સામાન્ય નાગરિક હોસ્પિટલની કતારમાં.

પરવત ગામ, સુરત- આશિષ ટેલર

### મકરસંક્રાંતિએ કુંવારીકા દ્વારા તલના લાડુંનું દાન

ઉત્તરાયણ એટલે મકરસંક્રાંતિ ૧૪મી જાન્યુઆરી એ આવે છે. ઉત્તરાયણ સુરતીઓનો માનીતો તહેવાર છે. સુરતીઓ પતંગ ચગાવી ઉત્તરાયણની ઉજવણી કરે છે. મકરનો સૂર્ય થવાથી દાન પુણ્યનું માહત્મ્ય છે. જેમાં સુરતમાં અમુક સુરતી જ્ઞાતિઓમાં પાંચથી દશ વર્ષ સુધીની કુંવારી કન્યાઓ દ્વારા પરિણીત મહિલાઓને તલના લાડુંનું દાન કરવામાં આવે છે. સુરતી જ્ઞાતિમાં નાની છોકરીઓ પરિણીત મહિલાઓને તલના લાડું, ચણાપની, કેળા, બોર, શેરડી અને એક લ્હાણીનું દાન કરે છે. કુંવારીકા સવારે નવા કપડાં પહેરીને મોહલ્લામાં અને સગા વ્હાલાના ત્યાં જઈ દાન કરે છે. આ ધાર્મિક પરંપરા સુરતમાં વર્ષોથી ચાલી આવે છે. સુરતીઓ એ આધુનિક યુગમાં પણ તલના લાડુંના દાનની ધાર્મિક પરંપરા જાળવી રાખી છે. ખત્રી જ્ઞાતિના ઘરોમાં ઉત્તરાયણના દિવસે ચોળા અડદની દાળના વડા બનાવવામાં આવે છે. ગુજરાતમાં સુરતીઓ ઉત્તરાયણની આનંદ ઉલ્લાસ અને દાન પુણ્ય કરી ઉજવણી કરે છે.

સલાબતપુરા, સુરત - કિરીટ મેઘાવાલા

### ગંદકી ફેલાવવા માટે આપણે જ જવાબદાર!

સુરત મહાનગરપાલિકાના સફાઈ કામદારો નિષ્ઠાપૂર્વક પોતાની જવાબદારી બજાવે છે, પણ આપણે નાગરિકો જ્યાં ત્યાં કચરો અને પ્લાસ્ટિકની બેગ ફેકીએ છીએ. મેં જોયું છે કે કારમાંથી કચરો ભરેલી પ્લાસ્ટિકની બેગ ફૂટપાથ પર પધરાવે છે. કચરો હંમેશા ડસ્ટબિનમાં જ નંખાય આવું નાગરિકોને કોણ શીખવી શકે? કચરા ગાડીઓ પોતાના નિયત સમયે કચરાનું વહન તો કરે જ છે. ગમે ત્યાં રસ્તા ઉપર પાનની પિચકારી મારવી એ શું નાગરિકોને શોભા આપે છે? પાનની પિચકારી મારનારાઓને મેં રોક્યા તો મને કહેઃ કે તારા બાપની જગ્યા છે? તારું શું જાય છે? નફ્ફટ લોકો હસતાં હસતાં ચાલી જાય છે, પણ તેના ઉપર કોઈ અસર થતી નથી. આપણી નાગરિક તરીકેની ફરજ બજાવીએ, કચરો ગમે ત્યાં ન નાખતા ડસ્ટબિનમાં જ નાખીએ તો સુરત હજી વધુ સુંદર બની શકે એમ છે. આ અંગેના અધિકારીઓ પણ નિષ્ઠાપૂર્વક સેવા કરે છે. તેજીને ટકોરો!

અડાજણ, સુરત - રમેશ પટેલ

### શહેરને સુરત માટે ઉપયોગી નેતાઓની જરૂર છે

સુરતના ધારાસભ્યો અને સસંદ સભ્યો સરકારના મંત્રીમંડળમા સ્થાન પામ્યા છે પરંતુ શહેરના હિતના કોઈ નોંધપાત્ર કામો અન્યાયપૂર્વક વર્તનથી હેરાન થાય છે. શહેરના ત્રણ મુળભુત સ્થળો જેવા કે સેન્ટ્રલ બસ સ્ટેશન, રેલ્વે સ્ટેશન તથા એરપોર્ટ દયનીય કક્ષાનું સ્ટેડીયમ નથી તથા એકપણ ઉચ્ચકક્ષાનું પર્યટન સ્થળ વિકસાવવામા આવ્યુ નથી. આટલી મોટી વસ્તી હોવા છતા સરકારી મહાવિદ્યાલયોની સંખ્યા ખુબ જ ઓછી છે. અડધા રનવેના એરપોર્ટને કારણે શહેરના ઉદ્યોગધંધા અને પર્યટનનો વિકાસ રૂંધાય છે. સુરત કરતા દશમા ભાગના રાજકોટ, વડોદરા તથા ભાવનગર શહેરોને અનેકગણી સગવડો પ્રાપ્ત થાય છે. સુરતને ખરેખર ચંદબાબુ નાયક (હૈદરાબાદ), વિજય રૂપાણી (રાજકોટ) અને અશોક ગેહલોત (જોધપુર) જેવા નેતાની અત્યંત જરૂર છે. શહેરના હાલના ધારાસભ્યો તથા સસંદસભ્યો ફક્ત સુરત મહાનગરપાલિકાના વિકાસકામોની રીબીન કાપીને તથા એવોર્ડ મેળવીને ખુશ થાય છે. નાયબ મુખ્યમંત્રીશ્રીએ પણ પોતાને મળેલ તકનો ઉપયોગ કરી પોતાના શહેર માટે કંઈક યાદગાર કામો કરવા પડશે.

સુરત - અમીત દેસાઈ